# ગાંધીનગર મ્યુનિસિપલ કમિશનર દ્વારા ચોથી જાગીરના અવાજને દબાવવાનો પ્રયાસ

ગાંધીનગર તા.૧૧

ગાંધીનગર મહાનગરપાલિકાના કૌભાંડોને ઉજાગર કરવા અને પ્રજાના નાણાને વેડફાતા બચાવવા માટે પ્રયત્નશીલ પત્રકારથી ફફડતા મહાનગરપાલિકાનાં કમિશ્નર જી.આર. ચૌધરીએ પોતાનો ઉભરો દૈનિક અખબારના વિતરક ઉપર ઠાલવ્યો હતો. ન્યૂઝ પેપર વિતરણની ફરજ બજાવતા સીધા સાદા વ્યક્તિને પોતાની ચેમ્બરમાં બોલાવીને મૂઢમાર મારવા ઉપરાંત કમરપટ્ટો મારવાની ફરીયાદ થતા સમગ્ર અખબારી આલમમાં ભારે આક્રોશ સાથે ખળભળાટ મચી જવા પામ્યો છે.

કૌભાંડો કરવા એ સરકારમાં ફરજ બજાવતા મોટા ભાગના અધિકારીઓના લોહીમાં ભળી ગયેલી બાબત



હોવાની ચર્ચા સરેઆમ સાંભળવા મળે છે. પરંતુ જયારે આ કૌભાંડોને ખુલ્લા પાડવા માટે કોઈ પ્રયત્ન કરે ત્યારે અધિકારી બેબાકળા થઈને તેને અટકાવવા અથવા દબાવવા પ્રયત્ન કરે છે. એટલુ જ નહી, સમાજની લાગણીને વાચા આપવા માટે કોઈ પત્રકાર કે અખબાર જયારે પોતાની નૈતિક ફરજ સમજીને પ્રજાનાં પૈસાને ગેરવલ્લે જતા અટકાવવા અહેવાલ લખે ત્યારે તેનો ખુલાસો કરવાના બદલે તેની ઉપર શારીરિક હુમલો કરવો એ બાબત નિંદનીય છે. અખબારના કર્મચારીને તેની ફરજમાં રૂકાવટ ઉભી કરી તેને માર મારવાની ગુંડાગીરી ઉપર ઉતરી આવવા જેવી ગેરકાયદે વર્તણૂંક કરી કાયદો અને વ્યવસ્થાની હાંસી ઉડાવી હતી. મહાનગરપાલિકાના કમિશ્નર જી.આર.ચૌધરી પોતે કોઈ કૌભાંડમાં સંડોવાયેલા ન હોય તો અખબારનો કે તેના પત્રકારનો ખુલાસો માંગવો જોઈએ. તેના બદલે તેના કર્મચારીને પોતાની ફરજ દરમિયાન એક સરકારી સનદી અધિકારી પોતાની ચેમ્બરમાં બોલાવીને માર મારે તે માત્ર ભારતીય જનતા પક્ષની સરકારમાં જ શકય હોવાની ચર્ચા પાટનગરમાં ઉઠવા પામી છે. આ અગાઉ પણ ગાંધીનગરના તત્કાલીન કલેકટર સોનલ મિશ્રાએ નાયબ મામલતદારને પોતાની ચેમ્બરમાં લાફો મારી દેવાની ચર્ચાએ ભારે જોર પકડયુ હતુ. જે તે સમયે સમગ્ર કલેકટર ઓફીસના સ્ટાફમાં આ બાબતે ભારે રોષ ફાટી નીકળ્યો હતો. હવે ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશ્નર કક્ષાના અધિકારી જો આટલી હલકી કક્ષાએ ઉતરી શકતા હોય તો સરકારમાથી પ્રજાને વિશ્વાસ ઉઠી જવાના દિવસો વધુ દૂર નહી હોવાની ચર્ચા ઉઠી રહી છે.

અમદાવાદથી પ્રસિધ્ધ થતા માનવમિત્ર દૈનિકના પત્રકાર દ્વારા ગાંધીનગર મનપાની કામગીરી બાબતેના ભ્રષ્ટાચાર બાબતના અહેવાલો પ્રસિધ્ધ કર્યા હતા. જેથી કમિશ્નરને સ્વાભાવિકપણે આ પસંદ આવ્યુ ન હતુ. જેથી આ સાંધ્ય દૈનિકનો વિતરક બુધવારે સાંજે અખબારનું વિતરણ કરવા મહાનગરપાલિકાની કચેરી ખાતે ગયો ત્યારે, ચૌધરીએ અગાઉથી આપેલી સુચના મુજબ સેવકે તેને કમિશ્નરની ચેમ્બરમાં મોકલ્યો હતો. ત્યાર બાદ આ વિતરક પ્રવિણકુમાર નટવરલાલ પટેલને ફેંટ પકડીને ખેંચતા દિવાલ સાથે દબાવી દીધો હતો. એટલુ જ નહી, પોતાનો કમરપટ્ટો કાઢીને વિતરક જેવા સામાન્ય કર્મચારીને ઝુડી નાંખ્યો હતો. તદ્ઉપરાંત અભદ્ર ગાળો બોલીને જાનથી મારી નાંખવાની ધમકી આપતા આ વિતરક ફફડી ઉઠયો હતો.

કમિશ્નરની ચેમ્બરમાંથી બહાર આવતા આવતા તો તેના હોશકોશ ઉડી ગયા હતા. અંતે રહીસહી હિંમત એકત્ર કરીને તેણે પોતાના પત્રકાર પંકજભાઈ આહિરને સમગ્ર બનાવની જાણ કરતા તેઓ દોડી આવ્યા હતા. વિતરકની શારીરિક સ્થિતી જોતા તેઓએ પ્રથમ દ્રષ્ટિએ તેને સારવાર આપવાની બાબતને પ્રાથમિકતા આપી હતી. આથી તેને ગાંધીનગર સીવીલ હોસ્પિટલ લઈ ગયા હતા. જયાં તાત્કાલીક સારવાર વિભાગમાં એમએલસી(મેડીકલ લીગલ કેસ) નં. ૨૬૬૩/૧૫ થી તબીબ દ્વારા સારવાર આપવામાં આવી હતી. જો કે, ચૌધરીએ પોતાની પહોંચ વાપરવાના ચક્રો ગતિમાન કરતા, આ વિતરકને સઘન સારવારની આવશ્યકતા હોવા છતાં, માત્ર તેને બે કલાકમાં જ મુકત કરી દઈ, ઓપીડી કેસ ગણાવી ચૌધરીને છાવરવા માટે સીવીલ હોસ્પિટલ દ્વારા પ્રયાસ કરવામાં આવ્યો હતો.

અખબારી આલમનું ગળુ દબાવવાના, બુધવારે બનેલા આ બનાવના પડઘા પાટનગર ઉપરાંત સમગ્ર રાજયમાં ઉઠવા પામ્યા છે. આ કેસમાં ન્યાય મેળવવા માટે એક્રેડીટેડ પ્રેસ કલબના હોદ્દેદારો અને સભ્યો સહિત ત્રીસ જેટલા પત્રકારો દ્વારા જિલ્લા પોલીસ અધિક્ષકને રજુઆત કરવામાં આવી હતી. કાયદો અને વ્યવસ્થાનો ભંગ કરવા બદલ આ અધિકારી સામે કાયદેસરની કાર્યવાહી કરવા માંગ કરી હતી.




## ફાયરબ્રિગેડે કેનાલમાં સ્પિડ બોટનું ટેસ્ટીંગ કર્યું

ભારે વરસાદ કે અન્ય આપત્તિ સમયે આગામી ચોમાસા દરમિયાન અસામાન્ય પરિસ્થિતિ સર્જાયતો તેને પહોંચી વળવા માટે ગાંધીનગર ફાયરબ્રિગેડ દ્વારા સ્પીડ બોટનું નર્મદા કેનાલમાં ટેસ્ટીંગ કરવામાં આવ્યું હતું. ફાયર ઓફીસર મહેશ મોડના જણાવ્યા મુજબ પુર, ભારે વરસાદ જેવીઆપત્તિના સમયે બચાવ કામગીરી તથા સ્થળાંતર કરવા માટે સ્પીડ બોટ ખુબ મદદરૂપ થઈ શકે છે જો આવા કોઈ અસામાન્ય સંજોગો આગામી ચોમાસામાં પ્રવર્તે તો તેને પહોંચી વળવા માટે આજે બોટનું ટેસ્ટીંગ કરવામાં આવ્યું હતું.

# સે. ૨૯/૩૦ બસ સ્ટેન્ડ પાસેથી એક તબીબનો મૃતદેહ મળ્યો

### તબીબ દહેગામ તાલુકાના કડજોદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા હતા

ગાંધીનગર, તા. ૧૧

દહેગામ તાલુકાના કડજોદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા અને ગાંધીનગર શહેરના સેક્ટર-૭ ખાતે રહેતા ડૉ. જયેશ શાહનો ગઈ મોડી સાંજે સે. ૨૯/૩૦ બસ સ્ટેન્ડ પાસેથી મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. ૧૦૮ એમ્બ્યુલન્સ મૃતદેહ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ ગઈ હતી જો કે પરિવારજનો એપોલો પણ લઈ ગયા હતા પરંતુ મૃત જાહેર કરતા સે. ૨૧ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વિશેરા લઈને મૃત્યુનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

સેકટર-૨૯/૩૦ બસ સ્ટેન્ડ પાસેથી રઝળતી હાલતમાં એક મૃતદેહ મળી આવતા ૧૦૮ એમ્બ્યુલન્સને સ્થાનિકોએ જાણ કરી હતી. સિવિલ હોસ્પિટલ લઈ જવાયેલા મૃતદેહની ઓળખ થતા જાણવા મળ્યું કે તે કડજોદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા અને સે. ૭-ડી પ્લોટ નં. ૧૨૭૭/૧ માં રહેતા ૪૧ વર્ષિય ડૉ. જયેશભાઈ ઈન્દ્રવદનભાઈ શાહનો મૃતદેહ છે. પરિવારજનોને તથા પોલીસને જાણ કરતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ આવી પહોંચ્યા હતા અને પરિવારજનો મૃતદેહ એપોલો પણ લઈ ગયા હતા.

પરંતુ ત્યાં પણ મૃત હોવાનું જણાવવામાં આવતા પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. સે. ૨૧ પોલીસમથકના જમાદાર વસંતભાઈએ અકસ્માત મોતનો ગુનો નોંધી પોસ્ટમોર્ટમમાં વિસેરા લઈને એફએસએલમાં મોકલાવી મૃત્યુનું કારણ જાણવા પ્રયત્ન શરૂ કર્યા છે.

# શહેરની ખુલ્લી ગટરો ચોમાસામાં અનેકનો ભોગ લઈ શકે છે!!

### તંત્ર સમક્ષ અનેક વખત રજૂઆતો છતાં પરિણામ શુન્ય : અમારી પાસે પૂરતો સામાન હોતો નથી, આવશે ત્યારે કરીશું : તંત્ર : જાગૃત નાગરિકો જવાબથી ખફા

ગાંધીનગર, તા.૧૧

શહેરમાં વરસાદની ઘડીઓ ગણાઈ રહી છે. છેલ્લા ત્રણ દિવસથી મેઘરાજા રોજ કાળા ડિબાંગ વાદળો સાથે ઘેરાવ નાખે છે અને આજકાલમાં પધારવાના એંધાણ આપી રહ્યા છે. પરંતુ તંત્રને એની કોઈ જ પડી નથી. શહેરમાં ઠેરઠેર ગટરોના ઢાંકણો ખુલ્લા દેખાઈ રહ્યા છે. જો સમયસર ઢાંકણો લગાવવામાં નહિ આવે તો ગટરો બ્લોક થઈ જવાની શકયતાઓ રહેલી છે.

ગાંધીનગરની ગટરોની હાલત જોતા નગરજનો ચિંતિત થઈ ઉઠયા છે. શહેરમાં ચોમાસુ દસ્તક દઈ રહ્યું છે. આજકાલમાં મેઘરાજની પધરામણી નક્કી છે. નગરની ખુલ્લી ગટરો મોટી જાનહાનિ નોંતરશે તે નક્કી છે.

નગરમાં ડ્રેનેજ ગટરલાઈનોના કયાંક ઢાંકણનથી તો કયાંક આખે આખી ગટર તુટેલી જણાય છે. ધોધમાર વરસાદ પડતા વરસાદી પાણી ગટરોમાંથી વહી જવાથી ગટર બ્લોક થવાની સંભાવના પણ રહેલી છે. તેમજ વધારે વરસાદ પડે તો અત્ર-તત્ર-સર્વત્ર પાણી જ દેખાતા હોઈ કોઈ પણ વ્યકિત ખુલ્લી ગટરોમાં ગરાકવ થઈ શકે છે ત્યારે તંત્ર પાણી પહેલા પાળ બાંધે તેવી જાગૃત નાગરિકોએ ઈચ્છા વ્યકત કરી છે.

અગાઉ વરસાદમાં ગટરો બ્લોક થવાની ઘટનાઓ બનેલી છે. વરસાદ વિના પણ આજના તબક્કે અનેક ગટરો બ્લોક છે તેવી ફરિયાદો પણ ઉઠી છે. પશુઓ, પણ ગટરોમાં ગરકાવ થઈ શકે છે. ત્યારે તંત્રએ શહેરની પ્રદક્ષિણા કરી ખુલ્લી ગટરોનું નિરીક્ષણ કરી ઢાંકણ લગાવવા જોઈએ.

ગાંધીનગરમાં અનેક સેકટરોમાં ગટરો અવદશામાં પડેલી છે ત્યારે તંત્રએ આળસ ખંખેરી કામ કરવાની તાતી જરૂરિયાત છે. જાગૃત


(તસવીર : દિલીપ પ્રજાપતિ)

નાગરિકોએ જણાવ્યું હતું કે ખુલ્લી ગટરો બાબતે અનેક વખત સત્તાવાર તંત્રનું ધ્યાન દોરવામાં આવે છે પરંતુ તંત્ર દ્વારા વિચિત્ર જવાબ આપવામાં આવે છે.

ગટરો ઢાંકવા માટે અમારી પાસે ઢાંકણ નથી તેમજ જયારે અમારી પાસે તુટેલી ગટરો રિપેરીંગ કરવાનો સામાન આવશે ત્યારે અમે આવીશું. આવા જવાબ મળતા નાગરિકો પણ શરમ અનુભવે છે. ત્યારે જો તંત્ર આળસ ખંખેરી કામ નહિ કરે તો આવનાર ચોમાસામાં નગરજનોને ચોકકસ મુસીબતોનો સામનો કરવો પડશે.

# ચિલોડામાં મુખ્યમંત્રી અમૃતમ યોજનાના લાભાર્થીઓના ભળતા નામે બોગસ કાર્ડ ઈશ્યુ કરાયા

ચિલોડા, તા.૧૧

ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે મુખ્યમંત્રી અમૃતમ યોજનાના લાભાર્થીઓ માટેના બોગસ કાર્ડ ઈશ્યુ થયા હોવાનું ધ્યાનમાં આવતા ચકચાર મચી જવા પામી છે. ચિલોડા ગામના ૧૪થી વધુ લાભાર્થીના નામે તેમની જાણ બહાર કાર્ડ ઈશ્યુ કરાયા હોવાનું જાણવા મળેલ છે.

થોડા દિવસ પહેલા ચિલોડાના સાચોળીવાળા વિસ્તારમાં રહેતા સંતોકબેન અમરાજી તેમના જરુરી તમામ ઓરીજીનલ ડોકયુમેન્ટસ સાથે મુખ્યમંત્રી અમૃતમ યોજનાના લાભાર્થીનું કાર્ડ કઢાવવા તાલુકા આરોગ્ય કચેરી ખાતે ગયા ત્યારે તેમને જણાવાયું કે તેમનું કાર્ડ તો અગાઉ ઈશ્યુ થઈ ચુકયું છે આ સાંભળ ચોંકી ગયેલા સંતોકબેન દ્વારા તેમણે કાર્ડ ઈશ્યુ કરાવ્યું નથી માટે તે રદ કરી નવું કાર્ડ તેમને ઈશ્યુ કરવા માંગ કરી હતી પરંતુ હજુ પણ તે માટે ધરમધક્કા જ ખાવાનો વારો આવ્યો છે. સંતોકબેને આ બાબતે હેલ્પલાઈનનો સહારો લીધો છે પરંતુ આ કાર્ડ તેમને કયારે મળશે અને કયારે યોજનાનો લાભ મળશે તે અંગે કોઈ નિશ્ચિતતા જણાતી નથી.

આ બાબત જાણમાં આવતા વધુ તપાસ હાથ ધરતા ચિલોડા ગામના ૧૪ લોકોના ભળતા નામે મુખ્યમંત્રી અમૃતમ યોજનાના બોગસ કાર્ડ ઈશ્યુ થયા હોવાનું જાણવા મળ્યું છે. બીપએલ કાર્ડ ધારકોને મુખ્યમંત્રી અમૃતમ યોજનાના લાભોથી વંચિત રાખતા આ કાર્ડ-કૌભાંડ અંગે જરુરી તપાસ હાથ ધરાય તેવી ગ્રામજનોમાં માંગ ઉઠવા પામી છે.

# જમીયતપુરા ગામની સ્માર્ટ સ્કુલમાં સી. વી. સોમ વિદ્યાર્થી બન્યા

ગાંધીનગર, તા. ૧૧

બાળકોને આપાતું શિક્ષણએ અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન કે



ગુજરાતી ભાષાનું જ્ઞાન આપવા પૂરતું જ સીમીત નથી, પણ બાળકોમાં શિક્ષણ થકી ચારિત્ર્ય અને સંસ્કારનું સિંચન કરીને સારા નાગરિક બનાવે તે પણ ખૂબ જ જરૂરી છે, તેવું આજરોજ ગાંધીનગર તાલુકાના જમીયતપુરા ગામની શાળામાં યોજાયેલ કન્યા કેળવણી મહોત્સવ અને શાળા -વેશોત્સવ દરમ્યાન ગુજરાત રાજય સિવીલ સપ્લાય કોર્પોરેશન લિમીટેડના મેનેજીંગ ડાયરેકટર શ્રી સી.વી.સોમે જણાવ્યું હતું.

જમીયતપુરા ગામની શાળા સ્માર્ટ સ્કુલ છે, તે વાતનો આનંદ વ્યકત કરીને શ્રી સી.વી.સોમે જણાવ્યું હતું કે, ગામની શાળાને સ્માર્ટ સ્કુલ બનાવવા માટે ગામના દાતાશ્રીઓએ રૂપિયા ૧૦ લાખથી વધુનું દાન આપ્યું છે, તે વાત જ ગામના દાતાશ્રીઓ ગામના બાળકોના શિક્ષણની કેટલી ચિંતા કરે છે, તે વાતને સમર્થન આપે છે. બાળકોના જીવનમાં શિક્ષણનું કેટલું મહત્વ છે, શિક્ષણ થકી ગામમાં કેવું પરિવર્તન આવશે તેનાથી પણ તેઓ સજાગ છે. આજે ગામના બાળકો ગાંધીનગરની ખાનગી શાળામાં પણ આ રીતે કોમ્પ્યુટર થકી શિક્ષણ આપાતું નથી, તે રીતે શિક્ષણ મેળવી રહ્યાં છે, આ બાબત શાળાના બાળકો ટેકનોલોજીથી કેટલા વાકેફ છે, તે વાતની જાણ કરે છે.

મેનેજીંગ ડીરેકટર શ્રી સી.વી.સોમે સ્માર્ટ સ્કુલમાં અપાતા શિક્ષણની વિસ્તૃત માહિતી શાળાના વિદ્યાર્થી હોય તેમ શાળાની એક રૂમની બેન્ચ પર બેસીને શાળાના મુખ્ય શિક્ષક પાસેથી મેળવી હતી. પોતાને મુંઝવતા -શ્નો પણ બાળકની જેમ સવાલ કરીને દૂર કર્યા હતા.

જમીયતપુરા ગામ ખાતે યોજાયેલ શાળા -વેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ થકી ધોરણ૧ના ૪૦ બાળકોને દફતર અને શૈક્ષણિક કિટ્સ આપીને -વેશ વિધી સંપન્ન કરાવાઈ હતી. તેમજ આંગણવાડીના ૧૯ બાળકોને રમકડા આપીને -વેશવિધી સંપન્ન કરાવી હતી.

આ -સંગે શ્રી સી.વી. સોમના હસ્તે ધોરણ ૩ થી ૮ના કલાસમાં -થમ નંબર મેળવનાર વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓનું સન્માન કરવામાં



આવ્યું હતું. તેમજ ગામના દાતાશ્રીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. તેઓશ્રીના હસ્તે શાળાના પટાંગણમાં એક વૃક્ષનું રોપણ કરવામાં આવ્યું હતું. શ્રી સી.વી.સોમના હસ્તે સમગ્ર કાર્યક્રમનું સંચાલન પોતાની આગવી શૈલીમાં કરનાર શાળાની વિદ્યાર્થીની પાયલ રબારીનું પણ ખાસ સન્માન કરવામાં આવ્યું હતુ;.

આ -સંગે ગામના સરપંચ સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૪

સૂર્યાસ્ત : ૭.૨૬

## તાપમાન

મહત્તમ : ૩૨.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૮.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૨ ટકા ● સાંજે ૫૩ ટકા

## મનોરંજન

### સિનેમેક્સ

**સ્ક્રીન-૧ :**

ઉડી સન એન્ડ્રીસ : ૯.૩૦, ૫.૨૦, ૧૦.૩૫

બે યાર : ૧૨.૦૦

ઈશ્કેદરિયાં : ૨.૩૦

પિકુ : ૭.૨૦

**સ્ક્રીન-૨ :**

વેલકમ ટૂ કરાંચી : ૧૦.૪૫, ૧.૩૫, ૪.૨૫, ૭.૧૫, ૧૦.૦૫

**સ્ક્રીન-૩ :**

વેલકમ ટૂ કરાંચી : ૯.૩૦

બે યાર : ૧૨.૨૦

ગબ્બર હીઝ બેક : ૩.૩૦

તનુ વેડસ મનુ રીટર્ન : ૬.૦૫, ૯.૦૦

**સ્ક્રીન-૪ :**

બે યાર : ૧૦.૩૦

તનુ વેડસ મનુ રીટર્ન : ૧.૨૫, ૪.૨૦, ૭.૧૫, ૧૦.૧૦

### સિટીપલ્સ

**: સ્ક્રીન-૧ :**

દિલ ધડકને દો : ૩.૧૫, ૬.૪૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૨ :**

દિલ ધડકને દો : ૨.૧૫, ૫.૪૫, ૯.૩૦

**સ્ક્રીન-૩ :**

દિલ ધડકને દો : ૧૨.૧૫, ૪.૦૦, ૧૦.૧૫

તનુ વેડ મનુ ૨ : ૭.૧૫

**સ્ક્રીન-૪ :**

જો બકા : ૧૦.૦૦

તનુ વેડ મનુ ૨ : ૧૨.૦૦, ૨.૪૫, ૧૦.૦૦

પીકુ : ૫.૩૦

કાક્કા મુત્તાઇ (તમિલ) : ૭.૪૫

**સ્ક્રીન-૫ :**

દિલ ધડકને દો : ૧૦.૦૦, ૧.૩૦, ૪.૪૫, ૮.૧૫

## આપની આજ

**મેષ** : સામાજિક કાર્યોમાં સક્રિયા ભાગીદારી રહેશે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

**વૃષભ** : પ્રબળ આત્મવિશ્વાસ તથા દઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

**મિથુન** : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે. શુભ સમાચાર પ્રાપ્ત થઈ શકશે. માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

**કર્ક** : વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

**કન્યા** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

**તુલા** : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. આજે અટકેલા કાર્ય સમય પર પૂરા થઈ શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

**મકર** : સામાજિક ક્ષેત્રોમાં લાભ મળી શકશે. શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે.

**કુંભ** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

**મીન** : સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

## ચિરવિદાય

- સ્વ. જયેશભાઈ ઈન્દવદન શાહ (ઉ.વ.૪૧) પ્લોટ નં. ૧૨૭૭/૧, સેકટર-૭ડી, ગાંધીનગર